અક્ષય તૃતીયા કથા

લેખક

જયભિખ્ખુ



શ્રી. જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ
હઠીભાઈની વાડી સામે, દિલ્હી દરવાજા બહાર
અમદાવાદ

ટ્રસ્ટ તરફથી ભેટ



પ્રકાશક :

લાલભાઈ મણિલાલ શાહ
જીવનમણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટ
દિલ્હી દરવાજા બહાર
હઠીસીંગની વાડી સામે : અમદાવાદ




મુદ્રક :
કાન્તિલાલ એમ દેસાઈ
ચંદ્રિકા પ્રિન્ટરી
મિરઝાપુર રોડ અમદાવાદ



અમૂલ્ય
બીજી આવૃત્તિ : ૧૯૫૭

न हि कल्याणकृत् कश्चिद् दुर्गतिं तात गच्छति।



નિવેદન

નીતિધર્મપ્રેરક, જ્યાં રંગ, રસ ને રંજનવાળાં પુસ્તકોના પ્રચારના આશયથી સ્થપાયેલ, ને મારાં પૂ. માતુશ્રી તથા પૂ. પિતાશ્રીના નામથી અંકિત થયેલ આ 'જીવન-મણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ 'નો જન્મ આજથી લગભગ એક વર્ષ પહેલાં મારા પિતાશ્રીની પુણ્યતિથિએ થયો હતો.

અત્રે એ ઉલ્લેખ કરવો જરૂરી છે, કે આ ટ્રસ્ટના વિચારની પ્રેરણા આપનાર જાણીતા વાર્તાકાર શ્રી. જયભિખ્ખુ છે. તેઓ સુંદર ને સરસ જ્યાં સાત્વિક સાહિત્યદ્વારા આમ જનતામાં સંસ્કાર સિંચનના હિમાયતી છે. સાહિત્યને તેઓ એક સર્જનાત્મક બળ લેખે છે. મારા વિચારો પણ તેઓને અનુકૂળ થતાં આ ટ્રસ્ટનો જન્મ થયો; ને આ મહાવીર જયંતીના પવિત્ર દિને પૂ. મુનિરાજોના આશીર્વચન ને ગુજરાતના શ્રદ્ધેય સાક્ષરોની શુભેચ્છા સાથે તેનાં પ્રથમ ત્રણ પ્રકાશનો પ્રગટ થયાં.

આ ટ્રસ્ટના મુખ્ય ઉદ્દેશો સામાન્ય રીતે નીચે મુજબ રાખ્યા છે:

૧. કેળવણીને-ગમે તે પ્રકારથી-ઉત્તેજન આપવું.

૨. જાહેર જનતાને ઉપયોગી એવાં કોઈ શુભ કાર્યોમાં નાણાં વાપરવાં.

૩. ધર્મ, નીતિ કે સંસ્કારના પ્રચાર અર્થે બોધદાયક પુસ્તકો પ્રગટ

કરવાં, વેચવાં, વહેંચવાં.

૪. જનસમાજની શારીરિક, માનસિક અને નૈતિક તંદુરસ્તી વધે તેવુ સાહિત્ય પુસ્તકો, પુસ્તકાલયો, ભાષણો દ્વારા જનસમુદાયમાં ફેલાવવું.

બીજા પ્રયત્નોની દૃષ્ટિએ આ પ્રયાસ કોઈ એવો મોટો મહુનાપાત્ર પ્રયાસ નથી, છતાં અમે સદ્ભાવ ને શુભનિષ્ઠાથી આ નાનો સરખો ઘરદીવડો પેટાવ્યો છે. અમને પોતાને એનો પ્રકાશ લાધશે, એ તો વ્યક્તિગત આનંદ છે જ, પણ જો આનાથી કોઈને પ્રેરણા મળશે, તો અમો અમારા પ્રયત્નને કૃતકૃત્ય માનીશું.

એજ. આપનાં સલાહ-સૂચનો હમેશાં આવકારીશું.

લિ. આપનો
લાલભાઈ મણિલાલ શાહ
ટ્રસ્ટી



આગામી પ્રકાશનો

૧. ભવનું ભાતું	પૂ. મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી
૨. ગાગરમાં સાગર	શ્રી. ધૂમકેતુ
૩. બોધદાયક દૃષ્ટાંતો	શ્રી. ગુણવંતરાય આચાર્ય
૪. સત અને પતની ધરા	શ્રી. જયભિખ્ખુ
૫. અવધૂત આનંદઘન	પ્રો ડૉ. બિપીનચંદ્ર ઝવેરી
૬. શ્રી. હેમચંદ્રાચાર્ય	શ્રી. ધનવંત ઓઝા



ભગવાન ઋષભદેવ

અક્ષય તૃતીયા કથા

લેખક જયભિખ્ખુ

०

चिर जीयात् चिर जीयात्
देशोऽय धर्मरक्षणात् ।

સુંદર એવી કથા છે

પવિત્ર એવુ પર્વ છે

અનુમોદનાર આરાધનાર, વાચનાર-સુણનાર, કરનાર-કરાવનાર સહુનુ આ ભવનુ તેમ પરભવનુ-ભવોભવનુ કલ્યાણ થાય તેવી આ કથા છે

[૧]

आदिम पृथ्वीनाथम्।

જયવતો જબુદ્વીપ છે ભવ્ય એવો ભરતખડ છે. પવિત્ર એવી સરયૂ નદી છે એ સરિતાના કાંઠે નગરીઓમાં વડી એવી વિનીતાનગરી વસેલી છે

ત્રણ લોકના નાથ, વિશ્વસંસ્કૃતિના પહેલા પ્રણેતા, વિશ્વસમાજના પ્રથમ વિધાયક પૃથ્વીના આદિ નાથ, ભગવાન ઋષભદેવ ત્યાં રાજ કરે છે.

રાજ તે કેવું છે? ન પૂછો વાત. વાઘ-બકરી એક આરે પાણી પીએ છે.

રાજા તે કેવા છે? પ્રજા પોતાનાં સગાં માબાપનાં હેત પણ ભૂલી જાય તેવા પ્રેમાળ છે. આઠે સિદ્ધિ ને નવે નિધાન ત્યાં પ્રગટ્યાં છે.

એક દિવસની વાત છે. વસંતની રળિયામણી ઋતુ છે. ઋતુરાજ વસંતની બહાર જામી છે. ફાગણની ફૂલવાડીઓ લૂંબેઝૂંબે મહોરી છે.

આખું નગર વસંતોત્સવ માણવા નીકળ્યું છે. આનંદ-વિલાસ, હાસ્ય-ખેલ, આમોદ-પ્રમોદ ને કિલકિલાટનું વાતાવરણ જામ્યું છે. કોઈ હસે છે-કોઈ ખેલે છે. કોઈ રાસે રમે છે, તો કોઈ ઝૂલે ઝૂલે છે. કોઈ સુંદરી પોતાના પતિદેવ માટે ફૂલમાળા ગૂંથે છે, કોઈ ચતુર નર પોતાની સહચરી માટે વેણી ગૂંથે છે.

બંસી બાજે છે ને વેણુનાદ ગાજે છે.
ચાલો, ઋતુરાજ વસંતને વધામણું.

રાજા ઋષભદેવ પણ પુરજનો સાથે વસંતના વધામણે સપરિવાર આવ્યા છે. સુંદર એવા નંદનવનમાં સમોસર્યા છે. પૃથ્વીનાથ લતામંડપના એક વિરામાસન પર બિરાજ્યા છે. સહુ આનંદ-ઉત્સવમાં નિમગ્ન છે. પૃથ્વી પર જાણે

દુઃખ, સંતાપ, શોક, ભય છે જ નહિ! બધે આનંદની લહેરો વાય છે, હાસ્યના રંગરંગીન ફુવારા ઊડે છે.

પૃથ્વીનાથ ક્ષણભર ઉત્સવરંગ નીરખી રહ્યા ને પછી કંઈક વિચારમગ્ન બન્યા. જળભરેલી વાદળી જેવાં એમનાં નેત્રો ધરતીપટ પરથી અંતરપટ તરફ વળ્યાં. સુખની ઘડીઓમાં સ્મરણની કુંજો ઉઘડી. ક્ષણ વાર એ રૂપેરી પોપચાં ચિંતન-ભારથી મીંચાઈ ગયાં.

બલ, વીર્ય ને પરાક્રમના સ્વામી; શ્રદ્ધા, ધૈર્ય ને સંવેગના અવતાર ત્રિલોકીનાથ શા વિચારમાં પડ્યા હશે? રે! કઈ ચિંતાએ ચતુરસુજાણને ચિંતાતુર બનાવ્યા હશે?

મિત્રમંડળ હાથમાં કંદૂક લઈને રમવા-રમાડવા આવતું થંભી ગયું. રમણીઓ હાથમાં સુરંગી રંગ લઈને છાંટણાં કરવા આવતી હતી, તે ઊભી રહી ગઈ. પ્રભુની મુદ્રા ચિંતનભરી જોઈ સહુ ઓશિયાળાં બની ગયાં.

વિશ્વવત્સલ રાજવીની ચિંતા તો વિશ્વકલ્યાણની જ હોય ને! વિશ્વબંધુની વિચારણા વિશ્વની ભલાઈ માટેની જ હોય ને! તેઓ વિચારી રહ્યા હતા: 'અરે, આવી વસંતક્રીડા મેં બીજે અવશ્ય જોઈ છે!'

સ્મરણની કુંજો એક પછી એક ઉઘડતી ચાલી. જન્મથી અવધિજ્ઞાન પામેલા સ્વામીને તરત જ યાદ આવ્યું, કે પોતે પૂર્વે ઉત્તરોત્તર ભોગવેલ ભોગોનું એ સ્મરણ છે. ફરીથી તેમનાં નેત્ર ઊઘડ્યાં, પણ ચિંતવન તો ચાલુ જ રહ્યું.

અહો કેવી એ પુરાણપવિત્ર કથા!

ધરતી માતાની એ કથા. પ્રથમ માનવપુત્રની એ કથા! શણગારભરેલી આ પૃથ્વી એક વાર ભેંકાર વનજંગલોથી વસેલી હતી. વ્યવસ્થા ભરેલી આ ધરતી પર એક વાર ઘોર અવ્યવસ્થા રાજ કરતી હતી. બળવાન નબળા પર રાજ કરે, એવો 'મત્સ્ય ગલાગલ' એ ન્યાય હતો. દેહની શક્તિ એજ સાચી શક્તિ એમ સહુ કોઈ માનતું હતું.

ભય બધે ફેલાયેલો હતો. ભયની-ભયંકરની સહુ પૂજા કરતું હતું. ગમે તે રીતે પેટ ભરવું, એ ધર્મ મનાતો હતો. પ્રેમમાં કોઈ સમજતું નહોતું. ત્યાગમાં કોઈ જાણતું નહોતું.

માણસનું, એની માણસાઈનું કોઈ મહત્ત્વ નહોતું. પશુથી વધુ એનું જીવન નહોતું.

અમૃત જેવાં ફૂલ લૂબેઝૂંબે ઊગતાં. શેરડીના રસ જેવાં જળ બધે વહેતાં. ધરતીમાં રસકસ હતા. પણ માનવી પશુ જેવું જીવન જીવતો.

એક દહાડો જંગલમાં હોહા મચી ગઈ. ભયંકર એવું એક જાનવર આવ્યું. જાણે હરતો ફરતો પહાડ આવ્યો. એ પડછંદ પ્રાણી ઝાડને દાતણની ચીરની જેમ ઉખાડીને ફેંકી દે. કેવું મોટું એનું નાક. કેવા જાડા એના પગ! કેવા મોટા એના કાન!

લોકો ડરી ગયા.

ભયનું રાજ જામી ગયું. લોકોએ એને હાથીનું નામ આપ્યું. એને ભયનો દેવ માની પૂજવા લાગ્યા.

એ પછી સિંહ આવ્યો. સર્પ આવ્યો. ગરુડ આવ્યું. રીંછ આવ્યું. જેનાથી જેનાથી ડર લાગ્યો, એ બધા દેવ તરીકે પૂજાવા લાગ્યા.

થોડે દહાડે એ જંગલમાં એક પુરુષ આવ્યો. હાથીથી સાવ નાનો, પણ અજબ ગજબ માણસ!

હાથીને જોઈને ડર લાગે,

આ માણસને જોઈને હેત જાગે.

હેતનો કટકો, દયાનો દરિયો, પ્રેમનો સાગર એવો પેલો માનવી સહુને ગમી ગયો. બધાં એની આજુબાજુ ટોળે વળ્યાં.

એટલામાં ટેકરાઓને તોડતો, ઝાડના ભુક્કા બોલાવતો પેલો ભયંકર હાથી આવી પહોંચ્યો. એને જોઈ સિંહ ભાગ્યો. સર્પ ભાગ્યો. રીંછ ભાગ્યું. અરે! આ તો દેવનો દેવ આવ્યો.

લોકો બોલ્યાં: અલ્યા, જીવતું મોત આવ્યું. ભાગો!

બધાં ઊભાં થઈને મૂઠીઓ વાળી ભાગ્યાં.

ન ભાગ્યો ફક્ત પેલો માનવી! ઊલટો એ તો મીઠી વાણી બોલતો હાથીની સામે ગયો. જાણે જીવતા મોતને ભેટવા ચાલ્યો. એણે કહ્યું કે બીક એવી છે કે જે બીએ એને બીવરાવે. ખરો માણસ કોઈથી બીતો નથી તેમ કોઈને બીવરાવતો પણ નથી.

દૂર ઊંચે બખોલોમાં ભરાઈ બેઠેલાં લોકોએ આ અજબ બનાવ જોયો, એમને જૂની આંખે નવો તમાશો લાગ્યો.

હાથી ભયંકર હુંકાર કરતો આગળ ધસતો હતો.

પેલો માનવી પ્રેમની ભાષા બોલતો એની સામે જતો હતો; જાણે જૂના મિત્રને ભેટવા જતો ન હોય!

અરે! આ કદાવર રાક્ષસ હમણાં તરણાંની જેમ પેલા મીઠા માનવીને ફગાવી દેશે, પગ નીચે ચગદી નાખશે! પણ વાહ!

ભય પાસે પ્રેમ જીત્યો. હિંસા સામે સ્નેહે વિજય મેળવ્યો. ઈતિહાસનું નવું પાનું એ દહાડે અહિંસા–પ્રેમથી અંકિત થયું. સાચા પ્રેમે ભયને પોતાનો દાસ બનાવ્યો.

"પ્રાણીમાત્રનો હું મિત્ર!" એ ભાવનાએ એ દહાડે પૃથ્વીની સિકલ બદલી.

હાથી જેવો હાથી પાળેલી ગાય જેવો બની ગયો. એના દેહનું અજબ સામર્થ્ય પેલા માનવીના આત્માના ગજબ સામર્થ્ય પાસે ગળી ગયું. લોકોએ દેહમાં છુપાઈને રહેલી એક અજાણી શક્તિનાં દર્શન કર્યાં.

પશુએ સૂંઢ નમાવી. માનવીએ પ્રેમથી પંપાળી.

પશુએ માનવીમાં પોતાનો મિત્ર જોયો.

એ નમ્યો. માનવીને ઉપાડી પોતાની પીઠ પર લીધો. બધે જયજયકાર થઈ ગયો.

એ મહામાનવીનું નામ વિમલવાહન!

વિમલવાહનની આજુબાજુ લોકો ટોળે વળ્યાં. પણ ટોળાંથી કંઈ કામ ન ચાલે! ટોળાંમાંથી પ્રજા ઘડવી જોઈએ.

એટલે વિમલવાહને એમને વ્યવસ્થિત કર્યાં. એમનાં કુળ રચ્યાં.

કુળના રચનાર વિમળવાહન પ્રથમ કુલકર કહેવાયા. હવે તો વનજંગલો છોડી માણસો પાસે પાસે આવી રહેવા લાગ્યાં. પડોશી બન્યાં. કુળની મર્યાદા સમજવા લાગ્યાં. કુળકર કહે તેમ કરવા લાગ્યાં. પણ હવે વન–જંગલો ઓછાં પડવા લાગ્યાં. એટલે ઝઘડા થવા લાગ્યા. ઝાઝા હાથ રળિયામણા ને ઝાઝાં મોં અદીઠ જેવું થયું.

કુળકરે સહુને વહેંચીને ખાવાનો, મહેનત કરીને મેળવવાનો સંદેશ આપ્યો.

પ્રથમ કુળકર ગયા. બીજા કુળકર આવ્યા. એમ છ કુળકર થઈ ગયા.

આ છ કુળકરોએ બધાં માનવ કુળો માટે ધીરેધીરે ત્રણ દંડનીતિ નક્કી કરી.

૧ લી 'હકારની : અરે ! આ શું કરો છો ?'

આટલો ઠપકો સાંભળતાં માણસનું જાણે માથું કપાઈ જતું; પણ ધીરે ધીરે માણસ એનાથી ટેવાઈ ગયો. એટલે પછી બીજી નીતિ આવી :

'મકારની.' આવું ન થાય !

આ મકાર સાંભળતાં માનવીના હૈયાને ભારે ધક્કો પહોંચતો, પણ ધીરે ધીરે માણસ એને પણ ટેવાઈ ગયો. એટલે ત્રીજી નીતિ આવી.

'ધિક્કારની!' રે ધિક્, તેં શું કર્યું ?'

આ ધિક્કારના શબ્દો માણસને જીવતો ને જીવતો ભોંમાં ભંડારી દેવા જેવા લાગતા.

આ ત્રણ નીતિના આધારે સાતમા કુળકર નાભિદેવ સુધી વ્યવસ્થા ચાલી. નાભિદેવના ત્યાં એક પુત્રનો જન્મ થયો.

'તે હું, વૃષભધ્વજ!'

o

શ્રી. ઋષભદેવ સ્મરણની કુંજોમાં ફરતા અહીં થોભ્યા. ફરી કમળદલ જેવાં લોચન ખોલ્યા. ચારે તરફ ખીલી રહેલી સૃષ્ટિ તરફ જોયું. રસિયાઓની બંસરીઓ ગાજી રહી હતી. ક્યાંય સર્પ–નકુલ સ્નેહ કરી રહ્યા હતા. ક્યાંય વાઘ–બકરી એક આવારાનાં જળ પીતાં હતાં.

હર્ષ અને આનંદની આ સૃષ્ટિ જોતાં જોતાં ત્રિલોકીનાથે ફરી નેત્ર બીડયાં હૈયાની કુંજમા ફરી સ્મૃતિની કોકિલા ટહુકા કરવા લાગી

'એ વારે પોતે રાજકુમાર હતા.

એક વાર લોકો આવ્યા. કહે કે આ ઝાડ–પાનનો ખોરાક ફાવતો નથી! ફળ–ફૂલ પચવામાં ભારે પડે છે!

પોતે માર્ગ બતાવ્યો :

'એ હથેળીમાં રાખી મસળો. પાણીમાં પલાળો!'

એમ કર્યું, પણ થોડે દહાડે એનાથીય દોષ દૂર ન થયો.

લોકો નાના બાળકની જેમ નાનીમોટી ફરિયાદો લઈને આવે, ને પોતે એને પ્રેમથી દૂર કરે. અજ્ઞાન ઉપર કદી ક્રોધ ન હોય, કરુણા હોય!

એક દહાડો વનમાં આગ લાગી. વાઘવરુ જેમ આગથી આજે પણ ડરીને નાસે છે: એમ માણસ પણ એને દૈત્ય ગણી ઊભે પગે મૂઠીઓ વાળીને ભાગતો.

લોકો દોડતા આવ્યા પોતાની પાસે. પોતે સમજાવ્યું કે માણસનું માણસ સિવાય કોઈ દૈત્ય કે દેવ બગાડી શકતું નથી. આ તો અગ્નિ છે. એને જાળવતાં આવડે, તો એ તમારી તમારા દાસની જેમ સેવા કરશે. પૃથ્વી, પાણી, અગ્નિ, આકાશ, વાયુ કે કોઈ તત્ત્વથી માણસે ડરવાની જરૂર નથી.

પછી અનાજને અગ્નિમાં રાંધીને ખાતાં શીખવ્યું. અનાજને શેકવા માટે માટીનો ઘડો બનાવી આપ્યો. વિજ્ઞાને એ દિવસે પ્રથમ જન્મ ધારણ કર્યો, આજના શિલ્પનો પાયો એ વખતે નંખાયો.

આ પછી તો માનવપ્રજા માટે અનેક વિદ્યાઓ ને કળાઓ બતાવી.

માણસને ઘર બાંધતાં શીખવ્યું.

માણસને ઢાંકવાં વસ્ત્ર સરજાવ્યાં.

અનેક કળાઓ સરજાવી: પણ વસ્તુઓ વધી, એમ મનનો વિખવાદ વધ્યો, રોજ ટંટા થવા લાગ્યા. ટંટા કરીને સહુ પોતાની પાસે ફેંસલો કરાવવા આવે.

સહુએ કહ્યું : 'ઋષભદેવને રાજા બનાવો. એ કહે એમ કરીશું. એમનું કહ્યું અમારે માનવાનું છે.'

પ્રજાના પ્રેમને કોણ ઠોકરે મારી શકે? અને વિશ્વ ઉદ્ધાર માટે તો પોતાનો જન્મ હતો ને!

પોતે રાજા થયા.

આદિમ પૃથ્વીનાથ કહેવાયા.



[૨]

ફેરી ભગવાન ઋષભદેવનાં લોચન [illegible]
સુંદર સૃષ્ટિ પર ફરી એક નજર ફેરવી. ને [illegible]
લીધી.

રાજા થઈને પ્રજા માટે પોતે [illegible]

ધરતી માતા છે, એ સમજાવ્યું. [illegible]
મારીને પેટમાં એની કબર કરવાની [illegible]
ભલાં પ્રાણીઓ, રમતિયાળ જલચરો [illegible]
રૂપ ખેચરો સાથે મૈત્રી રાખવાની [illegible]
તો પૃથ્વી પર જ સ્વર્ગ સરજાય.

પેટનો ખાડો પૂરવા [illegible]

માતા વસુંધરા તમને જોઈતું અન્ન આપશે. પીવા પૂરતું પાણી આપશે.

આ પ્રાણીઓને તમે પાળો. એ તમને અમૃત જેવું દૂધ આપશે. ખેતી માટે મદદ કરવા પોતાનો જીવ ને પોતાનાં જણ્યાં આપશે.

આજ સુધી ભાઈ-બહેન લગ્ન કરતાં. હવે એ રિવાજ છોડો. વિશ્વ સાથે સગપણ સાંધો. એક કુળવાળા એ રીતે અજાણ્યા કુળને જાણીતું ને પારકા કુળને પોતાનું બનાવે!

આમ સો યજ્ઞ કર્યા. એક એક યજ્ઞથી પ્રજાની આબાદી વધી.*

પણ હવે શું? બાળકને રમકડું રમવા આપ્યું. પણ એ જુવાન થાય તોય એને રમકડે રમવા દેવો? ના, ના, જીવનના જુજવા ધર્મ અદા થવા ઘટે! પ્રજાને ભૌતિક સુખો આપી, શું એમાં જ રાચતી રાખવી? તો તો પ્રજાનો એક કાળે વિનાશ જ થાય ભૌતિક સુખો પછી આધ્યાત્મિક વિચારણા થવી જ ઘટે.

પ્રજાને બતાવવું જોઈએ કે આ બધાં સુખો મેળવ્યાં એ મહત્ત્વનાં છે: પણ એનાથી ય મહત્ત્વની વસ્તુ બીજી છે– અને એ છે ત્યાગ!

જગત પ્રમાદી છે.

* યજ્ઞ એટલે આયોજના. આજે જેમ પંચવર્ષીય યોજનાઓ થાય છે તેની. પ્રથમ પાંચ શિલ્પી થયા. દરેકના વીસ ભેદ એમ સો શિલ્પી થયા. આ રીતે શતયજ્ઞકર્તા કહેવાયા.

વાવંટોળ જેમ તણખલાને આકાશમાં ઉડાડી ઊંચે-નીચે ભમાવે છે: એમ કર્મને વશવર્તી જીવ અનેક ગતિમાં ભમે છે ને દુઃખ વેઠે છે.

મારે એમને સુકર્મનો-કર્મમુક્તિનો માર્ગ બતાવવો જોઈએ.

જગત સ્વાર્થી છે.

એ લોભરૂપ શત્રુને મિત્ર સમજી ભજે છે.

પરિણામે નરકાદિ દુઃખો વેઠે છે.

મારે એને પરમાર્થ બતાવવો જોઈએ.

જગત ક્રોધી છે.

ક્રોધ એક અપૂર્વ વસ્તુ છે. ઝાડમાં થતું ઝેર ઝાડને હણતું નથી, સર્પમાં રહેલું ઝેર સર્પને હણતું નથી: પણ ક્રોધ તો હમેશાં પોતાને જન્મ દેનાર દેહ-મનને જ હણે છે.

મારે એને શાંતિનો-અવેરનો-પ્રેમનો, ક્ષમાનો મહિમા સમજાવવો જોઈએ.

જગત વિષયમુખી છે.

અગ્નિમાં કાષ્ઠ નાખતાં જેમ, અગ્નિ શાંત થતો નથી, એમ વિષયોને ગમે તેટલી ભોગસામગ્રી મળે તોય શાંત થતા નથી.

મારે તેમને ત્યાગ શીખવવો જોઈએ.

અહો, નાશવંત આ સુખોમાં મુગ્ધ થનારને લાખો વાર ધિક્કાર હજો! રાગ, દ્વેષ અને મોહના કારણે સંસાર

વધારવામાં ઉદ્યમવંત પ્રાણીઓના જન્મને ધિક્કાર છે. તેઓનો મનુષ્યજન્મ, વીતી ગયેલી રાત્રિની જેમ, વ્યર્થ ચાલ્યો જાય છે, અને ફરી મનુષ્ય જન્મ મેળવવો દુષ્કર બની જાય છે.

સંસારના આ કષાયકીચમાં ખૂંચી ગયેલા જનો પોતાની પુષ્ટ થતી દેહને જોઈ શકે છે, પણ પોતાના ક્ષીણ થતા આત્માને જોઈ શકતા નથી. સોનાના પિંજરામાં પુરાયેલા પોપટની જેમ તેઓને તાત્કાલિક સુખો સિવાય, આત્મિક આલ્હાદના સુખનું જરાય ભાન નથી. કર્મને વશ થઈ, કષાયરૂપી પહેરેગીરોની ચોકીમાં પડીને, માનના, મમત્વના, લાલસાના, દુરાશયના, રાગ-દ્વેષથી પરિપૂર્ણ અંધ કૂપમાં ડૂબેલા આ જીવોને આ ભવ, પરભવ કે ભવોભવના, યાવત્ મોક્ષના સ્વાતંત્ર્યસુખનું જરા જેટલુંય ભાન નથી.

મેં માણસમાં માણસાઈ જગાડી, નીતિભાવનાનું શિલારોપણ કર્યું.

સમાજ ઘડ્યો, સમાજનીતિ ઘડી.

રાજ્ય રચ્યું, રાજ્યનીતિ રચી.

લગ્નવિધિ યોજી, પશુતામાં પ્રભુતા આણી. અને લોકોને વ્યવહારવિષયક બધી વિદ્યાઓ શીખવી દીધી. જગતની વ્યવસ્થા માટે યોજેલ શામ, દામ, દંડ ને ભેદ એ ચાર ઉપાયો પણ લોકમાં સારી રીતે પ્રવર્તી ગયા છે.

યુવરાજ ભરતને બહોંતેર કળાઓ શીખવી દીધી છે.

કુમાર બાહુબલીને હાથી, અશ્વ, સ્ત્રી અને પુરુષના અનેક ભેદવાળા લક્ષણોમાં વિશારદ બનાવ્યો છે.

પુત્રી બ્રાહ્મીને અઢાર લિપિઓ બતાવી દીધી છે અને સુંદરીને ગણિતવિષયક જ્ઞાન આપી દીધું છે.

ઉગ્ર, ભોગ, રાજન્ય અને ક્ષત્રિય એવા ચાર કુળોની રચના પણ યથાસ્થિત થઈ છે, દંડનીતિ વિષે પણ જનતાને ઉચિત જ્ઞાન થયું છે.

મારી પ્રવર્તાવેલી વ્યવહારવિષયક તમામ સંસ્કૃતિમાં લોકો કુશળ થઈ ગયા છે. ખેડૂતો ન્યાયપૂર્વક ખેતરો ખેડે છે ને યોગ્ય ભાગ લઈ નિર્વાહ ચલાવે છે. શેરડીની ખેતી માટે પણ ક્ષત્રિયો ન્યાયપૂર્વક વર્તે છે. ગોવાળો પોતાના જનાવરો પ્રત્યે સદ્ભાવ રાખે છે ને કોઈ એકબીજાનું લૂંટી લેવાની કલ્પના પણ કરતું નથી.

માતાઓ પુત્રોનું પાલન યથેષ્ટ રીતે કરે છે. પિતાઓ પિતૃધર્મમાં પણ બરાબર સમજ્યા છે. પતિ-પત્નીનાં યુગલો પણ એકબીજા સાથે હેતથી વર્તે છે. સંસાર આખો વ્યવસ્થિત બંધારણપૂર્વક ચાલવા લાગ્યો છે.

હવે જગતને સહુથી વધુ ને આત્યંતિક જે જરૂર છે, એ ધર્મતીર્થ પ્રવર્તાવવુ જોઈએ. મારા આયુષ્યનાં ૨૦ લાખ વર્ષ પૂર્વ યુવરાજપદમાં ગયાં ને ૬૩ લાખ વર્ષ પૂર્વ રાજ્યની ધુરા વહેતાં ગયાં. હવે ધર્મતીર્થ પ્રવર્તાવવા માટે રાજત્યાગ કરવાનો સમય આવી પહોંચ્યો છે. આ લોકોને સાંસારિક આસક્તિથી વિમુ[illegible]ધર્મમાર્ગ બતાવવાની જરૂર હવે

ઊભી થઈ છે. હવે સંસારના પાયારૂપ ધર્મચક્રને પ્રવર્તાવવાની વેળા આવી પહોંચી છે. પૃથ્વી ધર્મથી જ ધારણ કરાશે. ધર્મ નહિ પ્રવર્તાવું તો આ નશ્વર સામ્રાજ્યને સહુ સાચું સામ્રાજ્ય માનશે. આ ક્ષણભંગુર દેહની આળપંપાળ પાછળ માનવી ગાંડો રહેશે.

ધર્મ નહિ હોય તો રાજા રાજા નહિ રહે, પ્રજા પ્રજા નહિ રહે, આ દુનિયા ચોર ને લૂંટારાનું પેડું બની રહેશે.

આપવાની મહત્તા નહિ દાખવું તો સહુ બીજાનું લઈ લઈ લેવા પાછળ મસ્ત રહેશે.

સારા મૃત્યુની ભાળ નહિ આપું તો કંગાળ જીવનોથી પૃથ્વી કકળાટ કરી ઊઠશે. નિર્દોષ જીવનવ્યવહાર નહિ દાખવું તો પૃથ્વીમાં મચ્છ-ગળાગળનો (બળિયાના બે ભાગ) નો ન્યાય પ્રવર્તી રહેશે. આ કારણે સહુના દુઃખનો પાર નહિ રહે. ત્યાગ, તપસ્યા, સંયમ ને સૌજન્યમૂલક ધર્મ હવે મારે પ્રવર્તાવવો ઘટે.

અને કોઈ પણ ધર્મનું દર્શન પોતાની જાત પર જ પહેલું થવું ઘટે. મારે મારી વાણી માત્રથી જ નહીં, પણ મારા વ્યવહારથી-આચરણથી પણ ધર્મ આચરી બતાવવો જોઈએ.'

પૃથ્વીનાથ આ વિચારોમાં મગ્ન છે, ત્યાં પાંચમા દેવ-લોકને અન્તે વસનારા અરુણ, આદિત્ય, સારસ્વત આદિ લોકાંતિક દેવો વસંતોત્સવની સુંદરતા નિહાળતા નિહાળતા નન્દનવનમાં આવી પહોંચ્યા. તેઓને પૃથ્વી પણ સ્વર્ગ જેવી ભાસી. તેઓએ નમસ્કારપૂર્વક પ્રાર્થના કરી કે—

'હે નાથ! હવે ધર્મતીર્થ પ્રવર્તાવી જગતનું કલ્યાણ કરો!'

પૃથ્વીનાથ ઋષભદેવે સ્મિતપૂર્વક તેનો પ્રત્યુત્તર વાળ્યો. લોકાંતિક દેવો સહર્ષ વિદાય થયા. ધર્મતીર્થ પ્રવર્તાવવાની ઇચ્છાવાળા પૃથ્વીપતિ ઋષભદેવ શાન્ત ચિત્તે રાજમહેલ તરફ પધાર્યા.

આનંદમાં ગરકાવ થયેલા રસિયાઓએ નિરાંતે વસંતોત્સવ ઉજવ્યા કર્યો. પણ રાજમહેલમાં પધારીને શ્રી ઋષભદેવે રાજત્યાગનો ને સંયમધર્મ સ્વીકાર કરવાનો પોતાનો નિશ્ચય જાહેર કર્યો.

આ સમાચાર થોડી વારમાં બધે પ્રસરતાં ભરત વગેરે કુમારોની, વફાદાર સચિવાદિ સેવકોની અને નાનાં બાળ માફક ઉછરેલાં પ્રજાજનોની ચિંતાનો પાર ન રહ્યો.

લોકોને ધર્મવિષયક કશું જ્ઞાન નથી. ધર્મ શું તે લોકો જાણતા નથી. કેવલ પોતાના પ્રાણપ્યારા પ્રભુનો વિયોગ તેમને વ્યાકુલ બનાવી રહ્યો છે. શ્રી ઋષભદેવે પોતાના રાજ્યની બરાબર વહેંચણી કરી. યુવરાજ ભરતને રાજદંડ ગ્રહણ કરવા આજ્ઞા કરી, બીજી રાજકીય વ્યવસ્થા પણ કરી દીધી અને એક વર્ષ માટે ભગવાને સાંવત્સરિક દાનની શરૂઆત કરી.

ચતુષ્પથ તથા દરવાજાઓ પર ઘોષણા કરાવી, કે 'જે જેનો અર્થી હોય, તેણે આવીને તે લઈ જવું. ભગવાન મોં માગ્યું આપશે.'

શ્રી ઋષભદેવ સમા દાતા ક્યાંથી મળે ? આમ દાન દેતાં એક વર્ષ ને રાજત્યાગનો સમય આવી પહોંચ્યો.



[૩]

आदिमं निष्परिग्रहम्।

ગ્રીષ્મની ઋતુ છે. ચૈત્રનો માહિનો ચાલે છે. અંધારી આઠમનો ચંદ્ર ઉત્તરાષાઢા નક્ષત્રમાં બિરાજે છે.

એક સુંદર સવારે પૃથ્વીનાથે રાજ્યધર્મનો અંચળો ઉતાર્યો ને સંજમ-ધર્મનો ભાર સ્વીકાર્યો. સર્વ રસાયણોને પોતાનામાં પકાવવાની શક્તિ રાખનાર ઘડાએ, પ્રથમ તો પોતે જ નિંભાડામાં પ્રવેશવું પડે છે ને! સારા કામની શરૂઆત સારા માણસો પોતાની જાત પર પહેલી કરે છે.

ભગવાનની આ દશા નજરે નીરખી જાય તેવી નથી. પૃથ્વીના નાથના પગમાં ઉપાનહ નથી, મસ્તક પર મુગટ

નથી, દેહ પર આભૂષણ નથી, કંઠમાં હાર નથી. ત્રિલોકની સંપત્તિના સ્વામી નિષ્કંચન બન્યા છે. એમની કેશવાળી પીઠ પર છૂટી લટકે છે! અનેક ગજ–અશ્વ અને રથ–પાલખીના સ્વામી ખાલી હાથે, પગપાળા ચાલી નીકળ્યા છે!

અરે, એવું તે શું દુઃખ છે, કે સ્વામી આમ ચાલી નીકળ્યા? અરે, એવી તે શી ઉપાધિ આવી પડી છે, કે પૃથ્વીનાથે આ મહાપ્રયાણ આદર્યું! એવો કયો મહા અપરાધ આપણો થયો, કે ભગવાન આમ આપણને સાવ નિરાધાર છોડીને ચાલી નીકળ્યા! પ્રભુ તો આપણા મિત્ર, સ્વજન, માત-પિતા ને ગુરુ સર્વ છે.

કચ્છ અને મહાકચ્છ રાજાઓ, અને જેઓને ભગવાને જ સુધારી સંસ્કારી રાજા બનાવ્યા હતા, એ ચારે હજાર રાજાઓ પ્રભુ પાછળ બધું રાજપાટ ત્યાગીને ચાલી નીકળ્યા. નૌકા જેમ હવાનું અનુસરણ કરે એમ બધા પૃથ્વીનાથને અનુસર્યા. અરે, આમ તો અનેક વાર શોખથી પૃથ્વીનાથની સાથે બધે હર્યા ફર્યા હતા ને આનંદ કર્યો હતો. પ્રભુ સાથે હોય ત્યાં બધી વાતે લીલાલહેર જ હોય ને!

પણ આ વખતની વાત જુદી લાગી. દીક્ષા વખતે કરેલા ઉપવાસના પારણાનો સમય થઈ ગયો, પણ ભગવાન કંઈ ગ્રહણ કરતા નથી. રસાળ ઝાડનાં ઝૂંડ તો ફળથી ઝૂમી રહ્યાં છે, પણ જાણે કિંપાક ફળ સમજી સ્વામી એને સ્પર્શ કરતા નથી. સ્વાદિષ્ટ જળનાં નવાણ ભર્યાં છે, પણ જાણે આશીવિષ દરિયો સમજી પ્રભુ એનું આચમન પણ કરતા નથી.

દિવસોથી મૌન છે. સ્નાન નથી. વિલેપન નથી. વન-હાથીની જેમ શરદી–ગરમી એમને સતાવતી નથી. ભ્રમણ, ભ્રમણ ને ભ્રમણ !

એક તરફ એક જણ, એક તરફ ચાર હજાર જણ. પણ ચારેચાર હજાર રાજાઓની સહિષ્ણુતાને આ એક માનવીએ થકવી દીધી. ભૂખ્યા પેટે, તરસ્યા કંઠે, વનેચરની જેમ ગામ–ખેડામાં ને વનજંગલમાં ઘૂમતાં ઘૂમતાં કષ્ટ સહન કરવું એમને ભારે પડવા લાગ્યું. તેઓને ટૂંક સમયમાં ખાતરી થઈ કે આ તો મીણના દાંતે લોઢાના ચણા ચાવવાના છે.

તલવારથી હજારો દુશ્મનો સામે યુદ્ધ કરવું સહેલું હતું, પણ આવું ભૂખ, તરસ ને પર્યટનનું તપ દુષ્કર લાગ્યું. એ બધા તો જ્યાં સારી જગ્યા મળી ત્યાં, કોઈ મિષ્ટ ઝરણાંને તીરે, કોઈ સુંદર વૃક્ષોની ઘટામાં પર્ણકુટી બાંધીને બેસી ગયા. રે ! ગગનવિહારી ગરુડરાજ સાથે ક્ષુદ્ર પંખીઓનો સાથ ક્યાં સુધી નભે !

ત્રિલોકના નાથ પૃથ્વીપતિ એકલા રહ્યા. મેરુ ચળે, પણ તેમનો નિશ્ચય ચળે તેમ નહોતો. ક્ષુધા–પિપાસા તેમને ગમે તેટલી પીડે પણ એ એમ નમતું તોળે તેવા નહોતા. આમ તો એમને શી વાતની ખામી હતી ! પાણી માગે ત્યાં દૂધ હાજર હતું !

પદ પદ પર નગરજનો, ગ્રામજનો ને વનેચરો ભાત-ભાતની ભેટ લઈને આવતા, ને ગદગદ કંઠે કહેતા : 'ઓ

તરણતારણહાર, અમે તમારી આ દશા જોઈ શકતા નથી. સ્નાન કરવાને યોગ્ય જળ તૈયાર છે, પહેરવા વસ્ત્રો તૈયાર છે. કૃપા કરો ને અમને ધન્ય કરો !'

પ્રભુ કંઈ લેતા નથી ને આગળ વધે છે. ત્યાં બીજા નગરજનો આવી પહોંચે છે. કહે છે : 'આજ અવસર આવે નિરાશ કરશો, મા, નાથ ! લક્ષપાક તેલ તૈયાર છે, મર્દન કરો. ગંધકાષાયી વસ્ત્ર હાજર છે, સંમાર્જન કરો. ગોશીર્ષ-ચંદન તૈયાર છે, વિલેપન કરો અને અમારે ત્યાં પધારો. દેવાંગના જેવી અમારી કન્યાઓને સ્વીકારો, તેઓને સનાથ કરો. એમ કરીને એનો ને અમારો જન્મ સાર્થક કરો.'

પ્રભુ તો મૌન છે. નથી હસતા, નથી કંઈ કહેતા. એ તો આગળ ને આગળ વધે જાય છે. કોઈ વળી હાથી ધરે છે, કોઈ ઘોડા ભેટ કરે છે. કોઈ યૌવન વયમાં આવેલી કન્યા અર્પણ કરે છે; પણ પ્રભુ જળકમળવત્ સહુથી દૂર જ રહે છે. બધા વિચારે છે, અરેરે ! આપણા નાથને શું જોઈતું હશે ? દયાનિધિને શેની વાંછા હશે ? અરે, એમની કાંચન-વરણી કાયા રજે ભરાણી છે, ક્ષુધાથી ક્ષામકુક્ષી છે. સ્નાન નથી, પાન નથી, ખાન નથી, તાંબૂલ નથી, વાહન નથી, વૈભવ નથી. પ્રભુને આપે તો નવનિધિ પ્રગટે, પણ એમને તો સંસારના કોઈ રંગ છબતા નથી !

સંસારીજનો સંતાપ કરતા રહ્યા, ને પૃથ્વીનાથ તો ધીરે ધીરે આગળ ચાલ્યા ગયા—ભૂખ્યા ને તરસ્યા.

પણ શરીર છેવટે તો શરીર છે ને ! આત્મા ભલે

અનંત શક્તિમાન હોય, પણ દેહ તો પૌદ્ગલિક છે ને! ક્ષરણ, ઝરણ ને મરણધર્મી જ છે ને! એ વાહન ધીરે ધીરે નિર્બળ પડવા લાગ્યું. જે દેહ પર તપેલા સુવર્ણ જેવી કાંતિ હતી, ત્યાં શ્યામલતા પથરાણી.

કાયાનું પિંજર ડોલવા લાગ્યું. ગજ–મસ્તક જેવું શિર કંપી રહ્યું. કાનમાં ઝંઝાનિલ ગાજી રહ્યા. કુમળો છોડ હવામાં આમતેમ ડોલે તેમ પગ ડોલી રહ્યા. નવનવ ભાવે ચમકતી આંખોમાં સ્થિર તેજ આવીને વસ્યું. દેહનું એક એક અંગ ગળિયા બળદની જેમ ઢગલો થઈ જવા લાગ્યું.

જર્જરિત થયેલું મકાન જેમ ધસી પડવા ઇચ્છતું હોય, ને એકાદ જબરદસ્ત થંભ એને થંભાવી રાખે, એમ પૃથ્વીનાથના હૃદયનો વજ્ર નિશ્ચય દેહને ઢગલો થઈ જતું અટકાવતો હતો.

આત્માનો અજેય યોદ્ધો એમ દેહની પાસે પોતાની હાર સ્વીકારે ખરો! છતાંય દેહ પ્રત્યે એમને તિરસ્કાર નહોતો.

દેહ ભલે દમવા જેવી, તપાવવા જેવી વસ્તુ હતી, છતાં ફગાવી દેવા જેવી વસ્તુ તો નહોતી. આ દેહના સાધન દ્વારા જ સાધ્ય હાંસલ કરવાનું હતું.

ભગવાન આત્મહત્યા કરવા નહોતા નીકળ્યા, આત્મ-પ્રકાશ શોધવા નીકળ્યા હતા : ને એ શોધ માટે દેહની હસ્તી અનિવાર્ય હતી. એ ન હોય તો એકાકી આત્મા શું કરી શકે ? કુહાડી ગમે તેટલી તીક્ષ્ણ હોય પણ હાથો ન હોય તો ?

વળી જેમ દીપક તેલ વિના પ્રકાશતો નથી, વૃક્ષ જળ વિના જીવતું નથી, તેમ દેહ આહાર વિના ટકી શકતો નથી. ભગવાનને આહારની જરૂર હતી, પણ સાથે સાથે એ પ્રતિજ્ઞા હતી કે આહાર નિર્દોષ મળે તો જ સ્વીકારવો. ત્યાગીને યોગ્ય નિરવદ્ય ને એષણીય ખોરાકની આવશ્યકતા હતી.

એ વેળા ખાધેપીધે સુખી પ્રજા પેટની આ બળતરામાં ક્યાંથી સમજે? દુનિયામાં કોઈનું પેટ ઊણું નથી, તો પૃથ્વીપાલને વળી કંઈ પેટ પૂરવાની ખોટ હોય!

દિવસો વીતી ગયા. જેવા આહારની ભગવાનને ઇચ્છા હતી, એવો આહાર ન મળ્યો તે ન જ મળ્યો.

દિવસોના મહિના થયા, પણ મનની ધારણા ન ફળી.

મહિનાનું વર્ષ થયું. ઉનાળાના કૂપની જેમ પૃથ્વીપાલનું પેટ હજી ખાલી છે, ખાલી પેટે એ ઘૂમી રહ્યા છે. દેહના દેદાર તો હવે જોવાય તેવા નથી રહ્યા. ક્યાં એ પ્રભુ—ક્યાં આજના પ્રભુ! જાણે મેં તો ડોલતો ડુંગર દીઠો જો!



[૪]

आदिमं तीर्थनाथं च ।

આજ હસ્તીનાપુર નગરીનાં મહાભાગ્ય જાગતાં હતાં. ધરતીપટ પર વિહાર કરતા આદિનાથ ઋષભદેવ નગરીમાં પધારતા હતા.

જ્યાં જ્યાં આ સમાચાર પહોંચ્યા, ત્યાં ત્યાંથી નગરજનો દોડી આવ્યાં. બાળક ધવરાવતી માતાઓ બાળકને એમ ને એમ છાતીએ વળગાડી દોડી આવી. રે! પ્રભુદર્શનની એવી તે કેવી મોહિની લાગી કે, હે સુંદરી! તેં લોકલજ્જા પણ છાંડી! કામ કરતા કારીગરો દર્શન કરવા ધસી આવ્યા. ખાતાં ને રમતાં બાળકો પણ રમત છોડી પ્રભુમુખદર્શને દોડી ગયાં.

વેપારીઓએ વેપાર મૂક્યો. ખેડૂતોએ ખેતર સૂનાં મૂક્યાં. ગાયોનાં ધણનાં ધણ ચરતાં મૂકી ગોવાળો પ્રભુદર્શને આવી પહોંચ્યા. જેણે સમાચાર સાંભળ્યા, તે ઘડીનાય વિલંબ વિના ત્યાં આવી પહોંચ્યું. પોતાના તારણહારની પધરામણી—ભલા, પરમ પુણ્યે પ્રાપ્ત થતી પ્રભુમુખ-દર્શનની એ સુભગ ઘડી કોણ ગુમાવે ?

પણ આ શું જોઈએ છીએ ? પૃથ્વીનો પતિ ઉઘાડે મસ્તકે, અડવાણે પગે, છત્ર, ચામર વગેરે કશાંય રાજચિહ્નો વિના રાજમાર્ગ પર એકલો એકાકી ચાલ્યો આવે છે. ઓહ ! કેવું હૃદયવિદારક દૃશ્ય ! એ દૃશ્ય જોઈ અનેકની આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વરસવા લાગ્યા. અહો ! પૃથ્વીપતિને ઘેર તે શી ખોટ પડી ? એવું તે શું મનડું રિસાયું કે ભરીભરી ધરતી પર સ્વામી ખાલી ખમ !

આંખમાં આંસુ, હૃદયમાં વેદના ને મનમાં કુતૂહલ લઈને બધાં નગરજનો જોતજોતામાં પ્રભુને વીંટળાઈ વળ્યાં.

બધેથી મણિમુક્તાના વરસાદ વરસ્યા. કેસર-ચંદન-કર્પૂરના કીચ રચાયા. બધે જેમ બનતું આવ્યું હતું તેમ અહીં પણ બન્યું. આ સંસારમાં ભોગોપભોગનો સંગ્રહ તો જાણીતો હતો. એનો ત્યાગ અને એનો ત્યાગી અજાણ્યો હતો.

કોઈ કહે, અરે ! પૃથ્વીનાથ પગે ચાલે છે, માટે હાથી આપો. કોઈ કહે ત્રિલોકીનાથને દેહ-વિલેપન માટે અંગરાગ આપો. કોઈ કહે, ઉષ્ણ રાતને શીતળ ને શીતળ રાતને ઉષ્ણ બનાવે તેવી સંગિની રત્ન, મોતી ને પરવાળાં ધરો !

મૃગ, મયૂર ને ધેનુ અર્પણ કરો ! અરે, ત્રિલોકનાં નાથને ઘેર કઈ વાતની કમીના છે ! આજે એ તો આપણું પારખું કરવા નીકળ્યા છે ! રખે, આપણે પાછા પડીએ ! દેહ માગે તો દેહ આપો ! જીવ માગે તો જીવ આપો ! આપણે માટે પ્રભુથી વિશેષ કશુંય આ વિશ્વમાં નથી.

પણ બધી સંપત્તિ વચ્ચેથી, શરદના વાદળની જેમ ખાલીખમ ભગવાન આગળ વધ્યા. લોકોએ પોકાર પાડ્યો: 'આપણા ભર્યા નગરને શું કરુણાના અવતાર પ્રભુ આમ ને આમ છાંડીને ચાલ્યા જશે ? તો પછી આપણું આ જીવતર જીવવા જેવું રહેશે ખરું ? આપણો જન્મ ધિક્ નહીં લાગે ! આપણા ઐશ્વર્ય અંગારા જેવા નહિ ભાસે ? અરે, શું આપણે ત્યાં દાતાઓનો દુકાળ પડ્યો છે ? તપાસ કરો, કે શા માટે પાણીમેં મીન પિયાસી.

એ વેળા દેશમાં રાજા ડાહ્યો માણસ ગણાતો. એનું વ્હાપણ પ્રજાનું ને પૃથ્વીનું પાલન કરતું. એ પ્રજાને જમાડીને જમતો, પ્રજાને સુવાડીને સૂતો. એ પ્રજાના સુખે સુખી ને દુઃખે દુઃખી રહેતો. એવા રાજા પર પ્રજા પણ પ્રેમ કાં ન રાખે !

બધા દોડ્યા હસ્તિનાપુરના રાજવી સોમયશ પાસે.

પણ અરે ! રાજા સોમયશ પણ ક્યાં પારકા હતા ! ઋષભદેવના દ્વિતીય પુત્ર તક્ષશિલાના રાજવી વીર બાહુબળીના એ પુત્ર હતા. પણ રાજા સોમયશ એક નવીન વિચારણામાં ગૂંચવાયા હતા. રાજપ્રાસાદમાં

રાજકુમાર શ્રેયાંસ અને નગરશેઠ સુબુદ્ધિ સાથે કંઈ વિચારણામાં પડ્યા હતા.

વાત એવી બની હતી, રાજાને, રાજકુમારને અને નગરશેઠને ત્રણેને પ્રભાતકાળે એકીસાથે સુંદર સ્વપ્ન લાધ્યાં હતાં :

રાજા સોમયશને સપનું આવ્યું હતું, કે એક પરાક્રમી રાજા લડાઈમાં શત્રુઓથી ચારે તરફથી ઘેરાઈ ગયો. કુમાર શ્રેયાંસ એની મદદે ધાયો. શત્રુનો પરાભવ કરી એ રાજાને શત્રુઓથી મુક્ત કર્યો.

કુમાર શ્રેયાંસને વળી એવું સપનું લાધ્યું હતું, કે કોઈ કારણે શ્યામ બનેલા સોનાના મેરુ પર્વતને એણે અમૃતકળશે અભિષેક કરી ઉજ્જવળ કર્યો.

નગરશેઠ સુબુદ્ધિને પણ એ જ વેળાએ ને એવું જ એક સ્વપ્ન લાધ્યું હતું કે સહસ્ર કિરણોથી પ્રકાશતા સૂર્યનાં કિરણો જાણે વૃદ્ધ મોરનાં પીંછાની જેમ, એક પછી એક ખરવા લાગ્યાં. સૂરજ ઝાંખો પડયો. કુમાર શ્રેયાંસે સરી ગયેલાં એ કિરણોને જાણે લાવીને પુનઃ સ્થાપન કર્યાં.

અરે, આપણ કોઈને કદી દુઃસ્વપ્ન તો લાધતાં નથી, કારણ કે આપણા દિલમાં કદી બૂરા વિચારો આવતા નથી, તો આ સ્વપ્નાંનાં શાં ફળ હશે?—રાજા, રાજકુમાર અને નગરશેઠ ભારે વિમાસણમાં પડ્યા હતા.

સપનાનાં ફળ વિષે તો એકદમ નિર્ણય ન થઈ શકયો, પણ એટલો તો નિર્ણય થયો, કે જરૂર, નજીકના ભવિષ્યમાં કુમાર શ્રેયાંસને હાથે કોઈ પુણ્યકાર્ય થવાનું છે!

ઉત્કૃષ્ટ સાધના અને તેની સિદ્ધિ કેટલી સમીપ હોય છે, એના ઉદાહરણરૂપ ન હોય-તેમ દ્વારપાળ એ જ વેળા શુભ સંદેશ સાથે હાજર થયો. એણે કહ્યું:

'સ્વામિન્, ત્રણ લોકથી પૂજ્ય, પૃથ્વીનાથ ભગવાન ઋષભદેવ વન-જંગલોમાં વિચરતા આજે-આપણાં પુણ્યોએ આપણા નગરમાં પધાર્યા છે.'

ત્રણે જણા હર્ષમાં આવી એકી સાથે બોલ્યા :

'ધન્ય ઘડી, ધન ભાગ્ય,
પ્રભુ આજ અમારે આંગણે!'

દ્વારપાળ આગળ બોલ્યો: 'સ્વામિન્, પણ એમના દેહની શી વાત કહું? જાણે એ પ્રબળ પ્રતાપી પૃથ્વીનાથ જ નહિ! હજારો શત્રુથી ઘેરાયેલા મહા યોદ્ધાના જેવી એમની ઝાંખી મુખમુદ્રા છે! સ્વામિન્, પહેલાં તો એમના મુખની આસપાસ સહસ્રરશ્મિ સૂર્યના જેવું ભામંડળ રચાયેલું જોવાતું. આજે તો જાણે સર્વ તેજકિરણ એમાંથી ઝરી ગયાં હોય, એવું નિસ્તેજ લાગે છે. વધુ શું કહું, સ્વામિન્, સોનાનો મેરુ પર્વત જાણે શ્યામ પડી ગયો હોય એમ એમની કાંચનવરણી કાયા શ્યામ થઈ ગઈ છે. ડોલતો ડુંગર જાણે ચાલ્યો આવતો હોય એમ એ ચાલ્યા આવે છે. પ્રજાજનોએ અનેક પ્રકારની ભેટ ધરી, પણ એ લેતા નથી. દિવસોથી મૌન છે, એટલે શું જોઈએ છે, તે પણ સમજાતું નથી. પ્રજાજનો ઇચ્છે છે, કે આપ જલદી પધારો ને તેમને ખપતી વસ્તુ જાણો, નહિ તો પ્રભુ તો આગળ ચાલ્યા જશે. અને દરિદ્રના

ભિક્ષાપાત્રની જેમ આપણે આવેલા સદ્ભાગ્યથી વંચિત રહીશું. અરે! જુઓ, આપણા રાજદ્વાર પર આવીને એ ખડા રહ્યા.'

પોતાના પ્રતાપી પ્રપિતામહનું નામ સાંભળી યુવરાજ શ્રેયાંસકુમાર ભરી સભામાંથી દોડ્યો; ન પહેર્યાં ઉપાન કે ન ઓઢ્યું છત્ર! ઉઘાડે માથે ને અડવાણે પગે એ ધાયો! આજની ઘડી રળિયામણી કરવાની એને હૈયે તાલાવેલી જાગી હતી.

પ્રભુ મંદગતિએ ચાલતા શ્રેયાંસકુમારના ગૃહાંગણમાં આવી પહોંચ્યા. શ્રેયાંસકુમાર દોડીને પ્રભુના પગમાં આળોટી પડ્યો. રંકના પાત્રમાં ચક્રવર્તીની ખીર ન સમાય, એમ એના હૈયામાં હર્ષ સમાતો નહોતો. પોતાના સુગંધી કેશથી તેણે પ્રભુના પગ લૂંછ્યા, પ્રદક્ષિણા કરીને પુનઃ નમસ્કાર કર્યો. નમસ્કાર કરી પૂર્ણિમાના ચંદ્રસમા પ્રભુમુખનું એ નીરખી નીરખીને દર્શન કરવા લાગ્યો.

પૂર્ણિમાના ચંદ્રનાં દર્શન કરતાં જેમ પોયણી ખીલી ઊઠે, એમ પ્રભુ-મુખચંદ્રનાં દર્શન કરતાં કરતાં કુમાર શ્રેયાંસનું હૃદયકમળ ખીલી ઊઠ્યું. સંસારમાં ઘડીની કીમત છે, યુગની નહિ. એ લાખેણી ઘડી શ્રેયાંસને લાધી. એના હૃદયમાં અપૂર્વ પ્રકાશ પથરાયો. એને કંઈક જૂનું સ્મરણ થવા લાગ્યું.

'અરે! પૂર્વે મેં પ્રભુને ક્યાંય જોયા છે!' ને આમ વિચારતાં એને જાતિસ્મરણ જ્ઞાન પ્રગટ થયું.

'હું કોણ? પ્રભુનો પૂર્વભવનો સારથિ! સ્વયંપ્રભાદિક અવતારમાં પણ હું તેમનો સાથી હતો. આજે એ મારા

પ્રપિતામહ છે. અરે! મારે અને એમને તો નવ નવ ભવનાં સગપણ છે. એ સગપણ સાચું કરવા આજે એ પધાર્યા લાગે છે. અહા, એ તીર્થંકર થશે એવી વાણી મેં વજ્રસેન અરિહંતના મુખે પૂર્વભવમાં સાંભળી હતી. એ જ આ તીર્થંકર, એ જ આ અરિહંત, એ જ આ પોતે ત્રણલોકના નાથ!'

आदिम पृथिवीनाथ-मादिमं निष्परिग्रहम् ।
आदिमं तीर्थनाथं च ऋषभस्वामिनं स्तुमः ॥

શ્રેયાંસકુમાર એક વખત આનંદથી નાચી ઊઠચો; પણ તરત જ એની નજર પ્રભુના દેહ પર ગઈ.

રાજા સોમયશ ને નગરશેઠ સુબુદ્ધિ પણ આવીને પ્રભુ-ચરણમાં પડચા હતા. એમણે પણ અન્યની જેમ મણિ, મુક્તા ને ગજ–રથની ભેટ ધરવા માંડી, પણ કુમાર શ્રેયાંસ તરત બોલી ઊઠચોઃ

'અરે, આપણે કેવા મૂર્ખ છીએ. ભગવાને જેને અસાર સમજીને છાંડયું, તે જ અખાજ આપણે તેમને ભેટ ધરીએ છીએ! જો એમને એ જ જોઈતું હતું તો આવા વેશે શા માટે નીકળી પડત! એમને ખજાને શી ખોટ હતી? અહા, પ્રભુએ વર્ષદહાડાથી ભોજન કર્યું નથી. પ્રભુને અન્નનો ખપ છે. અન્ન વિના એમનો દેહ આવો શિથિલ બન્યો છે. ચાલો, હું પ્રભુને પારણું કરાવું!'

શુભ કાર્યને સદા શુભ યોગ અનુસરે છે. પુણ્ય જાગતાં હોય ત્યારે પુણ્ય સાધનાની તક આપમેળે આવી મળે છે. બરાબર આ જ વેળા ખેતરોનાં કોલુમાં પીલીને કાઢવામાં

આવેલ શેરડીના રસના ઘડા લઈને કોઈ નગરજન આવી પહોંચ્યો.

શ્રેયાંસકુમારે જોયું કે નિર્દોષ, નિરવદ્ય આહારને યોગ્ય, બેંતાલીસ દોષથી મુક્ત આ ઇક્ષુરસ પ્રભુને યોગ્ય છે! નિષ્પાપ નિરવદ્ય જીવનને યોગ્ય આ ખરેખર નિરવદ્ય-પાપમુક્ત આહાર છે.

શ્રેયાંસે શેરડીના રસનું પાન કરવા પ્રભુને વિનંતિ કરી. પ્રભુએ કરપાત્ર લંબાવ્યું. ચારે તરફ જયજયકાર થઈ રહ્યો. કંઈ ન સ્વીકારતા પ્રભુએ સ્વીકાર માટે હસ્ત લંબાવ્યા! અનન્ત એ કરપાત્રમાં શ્રેયાંસકુમારે શેરડીનો રસ ઠાલવવા માંડયો. એ પાણિ-પાત્ર, એ કરપાત્ર જાણે અફાટ મહાસાગર બની ગયું. એકસો આઠ ઘડા એમાં સમાઈ ગયા. એટએટલા ઘડા પ્રભુના કરપાત્રમાં સમાઈ શકયા, પણ આશ્ચર્ય છે, કે શ્રેયાંસના ચિત્ત–પાત્રમાં એટલો હર્ષ ન સમાઈ શકયો. એણે ઘડો લઈ હર્ષનૃત્ય આરંભ્યું.

વર્ષાન્તે, ૩૬૦ દિવસ પછી પ્રભુએ એ દિવસે ઇક્ષુરસથી પારણું કર્યું. પ્રભુની સુદીર્ઘકાલીન ક્ષુધાનું એ પાવનકારી દિવસે શમન થયું.

નગરજનોએ ફરી જયજયકાર વર્તાવ્યો. આકાશમાં પંચદિવ્ય પ્રગટ થયાં. વાતાવરણ દુંદુભિ નાદથી ગાજી ઊઠયું. સામાન્ય એવા શેરડીના રસમાં શ્રેયાંસકુમાર ભવોભવની બાજી જીતી ગયો. વસ્તુની મહત્તા નથી, ભાવની મહત્તા છે, એ વાત જગતે એ દિવસે જાણી. શ્રેયાંસનો આનંદ એના ચિત્ત-પાત્રમાં છલકાઈ ઊઠયો, એના રોમેરોમ વિકસ્વર થઈ ઊઠયાં.

આજે એણે નિષ્પાપ જીવનનો આદર્શ અને નિરવદ્ય આહારનો મહિમા જગતમાં સ્થાપન કર્યો હતો. એણે ક્યાંય સુધી માથે ઘડો મૂકી નૃત્ય કર્યા કર્યું. એ નૃત્યમાં પ્રજાજનો પણ ભળ્યાં.

વૈશાખ શુક્લા તૃતીયાનો એ દહાડો ઇક્ષુરસના દાનથી અમર થઈ ગયો. પ્રભુએ વર્ષ દહાડે પારણું કર્યું. ત્રણ જગતના નાથનો અભિગ્રહ પૂરો થયો.

ઘેર ઘેર ઉત્સવ મંડાયો, શેરીએ શેરીએ જય જયકાર વર્તી ગયો. પ્રભુએ પારણું કરી શ્રેયાંસકુમારને તારી દીધો. દેવોને દોહ્યલું શ્રેયાંસે પ્રભુને દાન દીધું ને દેવોને દોહ્યલું મુક્તિદાન પ્રભુએ શ્રેયાંસને આપ્યું.

ધન્ય હો દાન લેનારને; ધન્ય હો દાન દેનારને!

ઊંડા જળમાં મીન સરકી જાય તેમ પ્રભુ આ જયજયકાર વચ્ચેથી પારણું કરી આગળ વિહાર કરી ગયા.



[૫]

શ્રીઋષભસ્વામિને નમઃ।

દાન દઈ શ્રેયાંસકુમાર મહેલે આવ્યા.

આજ નગરજનોના આશ્ચર્યનો પાર નહોતો. પ્રજાજનોએ પોતાનું સર્વસ્વ પ્રભુચરણે મૂક્યું, છતાં પ્રભુએ એ તરફ નજર સરખી પણ ન કરી, અને ત્રિલોકના નાથ શ્રેયાંસના શેરડીના રસમાં લોભાયા. અરે, રસની તે શી કીમત છે, કીમત તો ભાવભર્યા હૃદયની છે. નહિતર આટલો રસ તો અમારા ઢોળુમાં રોજ એમ-ને એમ ઢોળાઈ જાય છે.

વસ્તુ કરતાં ભાવની મહત્તા છે, આ વાતનું રહસ્ય જાણવા બધા [illegible] શ્રેયાંસકુમારના ભુવનમાં ભેગા થવા

લાગ્યા. કચ્છ મહાકચ્છ આદિ તાપસો પણ રહસ્ય સાંભળવા આવી પહોંચ્યા.

નગરજનોએ ખૂબ ઉત્સુકતાપૂર્વક કુમારને ઉદ્દેશીને પૂછ્યું : 'હે કુમાર! જગતમાં તમને ધન્ય છે, કે પ્રભુએ તમારે હાથે ઇક્ષુરસનું પાન કર્યું. અમે જાણીએ છીએ, કે એ ઇક્ષુરસની ધારા નહોતી, પણ ઉજ્જડ ભૂમિને ફળદ્રુપ કરતી પુષ્કરાવર્ત મેઘની ધારા હતી: જેણે તમારું તો શું, આપનારનું તો શું પણ એ પાવન દૃશ્ય નજરે નિહાળનારનું પણ કલ્યાણ કર્યું. અરે, અમ દુર્ભાગીઓને હજાર વાર ધિક્કાર હજો, કે અમારા સર્વસ્વ દાન સામે પ્રભુએ નજરસરખી પણ ન કરી! અરે! વર્ષોથી પુત્રની માફક અમારું પાલન કરનાર પ્રભુ-પિતાએ અમને એક શબ્દ પણ એમની જરૂરિયાત વિશે ન કહ્યો! કેવી અમારી કર્મ–કઠણાઈ!

શ્રેયાંસકુમારે સહુને સાન્તવન આપતાં કહ્યું :

'તમે એમ શા માટે બોલો છો? પ્રભુ આજે પૂર્વની પેઠે પરિગ્રહધારી રાજા નથી. તેઓ સઘળા પાપમય વ્યાપારોનો ત્યાગ કરી સાધુ થયા છે. એમણે રાગ, દ્વેષ, મોહ બધુંય તજ્યું છે. પુત્ર-પરિવાર, રાજપાટ, ધનવૈભવ સઘળું છોડયું છે. પછી એ શા માટે તમારા હાથી, ઘોડા કે કન્યા જેવી તુચ્છ વસ્તુઓ સ્વીકારે?

'એમણે ક્ષણભંગુર રાજ્ય–સિદ્ધિને છોડી અમર રાજ્યની શોધ આદરી છે. ભરી પૃથ્વીમાં બધું છાંડયું છે, ફક્ત જીવન જીવવા પૂરતી વસ્તુઓ—અને તે પણ કોઈની આપેલી—લેવાનું

વ્રત લીધું છે. સાથે નિષ્પાપ જીવન જીવવા માટે નિષ્પાપ નિર્દોષ આહાર લેવાનો નિર્ણય કર્યો છે. દયાળુ પ્રભુ સર્વને અભય આપનારા છે, એટલે આહાર પણ નિર્દોષ, એષણીય, કલ્પનીય ને પ્રાસુક સ્વીકારે છે.'

અત્રે શ્રેયાંસકુમારે મુનિધર્મ સમજાવ્યો. નગરજનો એ સાંભળી કહેવા લાગ્યાં: 'હે કુમાર! આ શિલ્પાદિક વિદ્યાઓ પ્રભુએ કહેલ છે ને બતાવેલ છે; એટલે સહુ કોઈ જાણે છે. પણ તમે કહો છો, તે મુનિધર્મ હજુ સુધી કોઈ જાણતું નહોતું; ને તમે ક્યાંથી જાણો ? ભગવાન તો પોતે મૌન છે.'

શ્રેયાંસકુમારે નગરજનોની શંકાનો જવાબ આપતાં જણાવ્યું: 'હે નગરજનો! તમારી વાત સાચી છે. આજ પહેલાં મને પણ એ વાતનું જ્ઞાન નહોતું. પણ સૂર્યના ઉદયથી જેમ સૂરજમુખી વિકસે છે, એમ પ્રભુના દર્શનથી મારા અંતરનાં અંધારાં ઉલેચાઈ ગયાં. મને જાતિસ્મરણ જ્ઞાન થયું. અને એથી મને આ બાબતની જાણ થઈ છે.'

'પ્રભુ સાથે તમારો પૂર્વજન્મનો સંબંધ કેવો હતો ?'

'સ્વર્ગ અને મૃત્યુલોકમાં પ્રભુ સાથે હું આઠ ભવ સુધી ફર્યો છું. મિત્ર તરીકે, પત્ની તરીકે, સારથિ તરીકે મેં એમની સેવા બજાવી છે. આ ભવથી અતિક્રાન્ત ત્રીજા ભવમાં ભગવંત વજ્રનાભ નામે ચક્રવર્તી હતા. હું તેમનો સારથિ હતો. તેમના પિતા વજ્રસેનને મેં તીર્થંકર રૂપે જોયા હતા. વજ્રનાભે તેમની પાસે દીક્ષા લીધી. મેં પણ તેમની પાસે દીક્ષા લીધી. સ્વયં[illegible]દિ ભવોમાં પણ હું તેમની સાથે હતો.

'આ ઉપરાંત ગઈ રાત્રે મને, મારા પિતાશ્રીને તથા શેઠશ્રી સુબુદ્ધિને ત્રણ પ્રકારનાં સ્વપ્ન લાધ્યાં હતાં. સવારે સભામાં એનો ખુલાસો થયો હતો. એ સ્વપ્ન અને તેનો અર્થ નીચે મુજબ છે.

'મેં ગઈ કાલ રાત્રે સ્વપ્નમાં શ્યામ બનેલા સોનાના મેરુપર્વતને મારાથી દૂધથી પ્રક્ષાલિત કરાતો જોયો હતો. તેથી આજે આ પ્રભુ, કે જેઓ વ્રતમાં મેરુની જેમ અડોલ છે, તેઓ તપથી કૃશ થયેલા હતા, તેમને ઇક્ષુરસ વડે મેં પારણું કરાવ્યું.

'મારા પિતાશ્રીએ સ્વપ્નમાં જોયું કે ઘણા શત્રુઓ વડે ચોતરફથી ઘેરાયેલા કોઈ રાજાએ પોતાના પુત્ર શ્રેયાંસની મદદથી જય મેળવ્યો. એ રાજા તે પ્રભુ, ઘણા શત્રુઓ એટલે ક્ષુધા-પિપાસાદિ કષ્ટો, તેનો મેં મારા ઇક્ષુરસ વડે પારણું કરાવીને પરાભવ કર્યો.

'સુબુદ્ધિ શ્રેષ્ઠીએ સ્વપ્નમાં ભાળ્યું કે સૂર્યથી ચ્યવેલાં સહસ્ર કિરણો મેં સૂર્યમાં પુનઃ આરોપિત કર્યાં અને આથી સૂર્ય વધુ પ્રકાશવા લાગ્યો. સૂર્ય સમાન તે પ્રભુ, એમનાં સહસ્રકિરણ રૂપ જે કેવળજ્ઞાન તે આ અંતરાયથી દૂર હતું, તે આજે મારા ઇક્ષુરસ વડે કરાયેલા પારણાથી જોડી દીધું, ને આથી પ્રભુ વધુ દીપવા લાગ્યા.

'પ્રજાજનો, આજે આપણો પુણ્યોદય જાગ્યો. એમનાં દર્શને આપણો જન્મ, આપણું જીવન ને આપણી લક્ષ્મી સાર્થક થયાં. ભગવાન પોતે મૌન હતા. મુનિઓ મૌનની

ભાષામાં જ વાત કરે છે. એમની ભાષા હૃદયભાષા હોય છે બોલ્યા વિના સંભળાય. તેમણે જે પાઠ પઢાવ્યો તે યાદ રાખવો ઘટે. તેઓએ જણાવ્યું કે લક્ષ્મી, રાજ્ય, ભોગ, સંપત્તિ વગેરે આખરે તો વિનશ્વર છે. એનાથી જેટલો ધર્મ નધાય તેટલો સાધી લેવો. ધર્મસાધન પૂરતું જ તેનું મહત્ત્વ છે. આ જીવિત વીજળીના ચમકારા જેવું અસ્થિર છે, લક્ષ્મી સંધ્યાના રંગો જેવી ચપળ છેઃ મંસાર આખાનું સ્વામિત્વ પણ સાગરનાં મોજાં જેવું ક્ષણભંગુર છે. ભોગ-ઉપભોગ ભુજંગની ફણાની જેમ વિષમ છે. સંયોગ સ્વપ્નની જેમ મિથ્યા છેઃ એ એક દહાડો આપણને નષ્ટભ્રષ્ટ કરીને, છોડીને ચાલ્યાં જાય તે પહેલાં આપણે તેઓને સ્વેચ્છાએ છોડી દેવાં ઘટે છે.

'મહાનુભાવો, ભગવાનનાં પાવનકારી દર્શનથી મારાં ભવોભવનાં અંધારાં ઉલેચાયાં છે. હું જોઈ રહ્યો છું કે માયાનાં ઘેલા જીવ, શિકારી રીંછને વાળથી પકડે એમ પકડાઈને, દુઃખ પામી રહ્યા છે.

'સ્વાર્થી જીવો, લોક કૂતરાને લાકડીથી મારે તેમ નિર્ભર્ત્સના ભોગવી રહ્યા છે.

'લોભી જીવો, કુંભાર માટીને ગદડે તેમ, લોભથી ગદડાઈ રહ્યા છે.

'મત્સર કરનારા જીવો, જૂતાવેશવાળો જે રીતે માર ખાય તેમ, માર ખાઈ રહ્યા છે.

'આપણી દશા ગમે તેટલા જળથી સંતુષ્ટ ન થનાર

ને પરિણામે આરોગ્ય બનનાર સાગર જેવી છે. ભગવાને આજે મૌનવાણીમાં એ બાધાથી મુક્ત થવા કહ્યું, ને જીવમાત્રમાં વસી રહેલ અનન્ત બલ, વીર્ય ને પરાક્રમ તથા શ્રદ્ધા, ધૈર્ય ને સંવેગને રસ્તે આપણું વીર્ય ફોરવવા પરાક્રમ પ્રસારવા સૂચવ્યું; અને એ રીતે સિદ્ધ, બુદ્ધ ને મુક્ત થવા ફરમાન કર્યું.'

આ વાત સાંભળી સંતુષ્ટ થયેલાં બાવલીનાં પ્રજાજનોએ કુમાર શ્રેયાંસને પ્રશ્ન કર્યો: 'ઓ ઋષભકુલદીપક, અમે તમારી પાસેથી એટલું જાણવા ઇચ્છીએ છીએ, કે આવા દયાળુ, માયાળુ, કરુણાળુ ત્રિલોકીનાથને પણ આટલો સમય ક્ષુધા-પિપાસા શા કારણે નડ્યાં ? ધર્મીને ઘેર ધાડ કાં પડી ?'

'ભાઈઓ, તમે ઠીક પ્રશ્ન કર્યો. એ કર્યાં કર્મનો બદલો હતો. કરેલાં કર્મ પૃથ્વીનાથને પણ છોડતાં નથી. ભગવાનના પાછલા ભવની એ વાત છે. તમે શાન્ત ચિત્તે સાંભળજો.'



[૬]

ભૂખ્યાને અન્નદાન

ચોમાસું ચોધારે વરસી ગયું છે. કારતકમાં કાપણી થઈ છે. માગશરે ડૂંડાં પિલાય છે. શું ધાન પાકયાં છે! છીપમાં મોતી સમાતાં નથી, તેમ ડૂંડાંમાં કણ માતા નથી. ખળું આખું ભરાઈ ગયું છે. ખેડૂત શંખલને હૈયે હર્ષ માતો નથી!

શંખલ મનસૂબા ઘડે છે: 'આ દાણો વેચી આ વખતે નવું ઘર બંધાવીશ. એક નાત જમાડીશ, બનશે તો ધુમાડાબંધ ગામ જમાડીશ.'

શંખલની ઘરવાળી મનમાં ઘોડા ગંઠે છે: 'આણુ સારુ દીકરાનું વેશવાળ કરી નાખવું છે. દીકરીનું આણું પણ કરી નાખવું છે. વારે વારે કંઈ વરસ સારાં આવતાં નથી. પૂરું સોનું લાવવું છે. એ તો ઘા ભેગો ઘસરકો; શેરડી પાણી પીએ, ભેગી એરડી પણ પીએ. ભેગાં ભેગાં થોડાં ઘરેણાં મારે માટે પણ ઘડાવી લઈશ.'

ખેડૂતનો દીકરો લાકડાની ઘોડી પર ચઢી અનાજ ચાવલતો હતો. લાકડાની ઘોડી પર બેઠો બેઠો એ ચઢવા માટે જીવતી માણકી ઘોડી લાવવાનો વિચાર કરી રહ્યો હતો આ ફાગણને મેળે તો માણકી પર જ મશરૂનો સામાન નાખીને જવું છે!

સહુ પોતાના મન-સુખની દુનિયામાં ભૂલાં પડયાં છે. સામે ખળામાં બળદ પોરો ખાય છે. રોજ તો બળદને બરાબર નીરણ થતી. આજ પોતપોતાના આનંદમાં મગ્ન બનેલા સહુ બળદોને ચારો નીરવાનું ભૂલી ગયાં છે.

સુખ એવું છે. એ પોતાને પણ ભુલાવી દે છે! બળદ ખળાનાં ડૂંડાંને કદી નહોતા અડતા, પણ ભૂખ કોનું નામ! આજ ભૂખ્યા બળદ ડૂંડાં ખાઈ રહ્યા છે. ખાવાનો વાંધો નહિ પણ ઢોરની જાત ખરીને! જેટલું ખાય છે એનાથી વધુ બગાડી રહ્યા છે.

અચાનક શંખલ ખેડૂતની નજર ત્યાં ગઈ! અરે! પોતાના સોનાના કણ જેવા પાકને આ નગુરા બળદો ખાઈ જાય છે! ને ખાય છે એનાથી વધુ બગાડ કરે છે. એ રાશ લઈને દોડચો,

ધોળા દરિ જેવા બતવાન બળદોને રાશે ને રાશે સબોડવા લાગ્યો.

રાજા રિખભ એ વખતે ત્યાંથી પસાર થતા હતા. એ વખતના રાજા પગે ચાલતા. વાડી ને વગડે ફરતા. પ્રજાનાં સુખદુઃખ વિચારતા. એમાં આ રાજા રિખભે તો જંગલી જાનવર જેવા માણસને માણસ બનાવ્યો હતો. એને ખેતી કરતાં શીખવી હતી. કપડાં વણતાં શીખવ્યું હતું. ઘર બાંધતાં શીખવ્યું હતું. માણસ–માણસ વચ્ચે સંબંધ સાંધ્યા હતા. સમાજ રચ્યો હતો.

એવા રાજા રિખભે ખેડૂતને જોયો. એના ક્રોધને જોયો. રાશે રાશે બળદને સબોડતો જોયો. એમનું અંતર કકળી ઊઠ્યું.

'ભાઈ! આ અબોલ જીવ છે. એ કાંઈ સમજે છે! આના કરતાં એના મોં પર મોસરિયું બાંધ ને!'

ખેડૂત રાજા રિખભને જોઈ શરમાઈ ગયો. એણે કહ્યું: 'પ્રભુ! મોસરિયું બનાવતાં ને બળદને બાંધતાં મને આવડતું નથી! મહેરબાની કરીને આપ કરી બતાવો.'

રાજા રિખભે પાતળી દોરી લીધી. એને આંટા પાડીને બળદને મોંએ ભરાવી શકાય તેવું મોસરિયું ગૂંથી આપ્યું.

ખેડૂતે એ મોસરિયું બળદને મોઢે બાંધ્યું!

ભૂખ્યા બળદોનું મોં હવે બંધાઇ ગયું. હવે તેઓ અનાજ ખાઈ શકતા નહોતા. તેઓ સવારના ભૂખ્યા હતા. તેમણે ભૂખના દુઃખે ને ત્રાસે લ[illegible]સા નાખ્યા.

શંભલની ઘરવાળી મનમાં ઘોડા ગંઠે છે: 'ઓણ [illegible] દીકરાનું વેશવાળ કરી નાખવું છે. દીકરીનું આણું પ[illegible] નાખવું છે. વારે વારે કંઈ વરસ સારાં આવતાં નથી. [illegible] સોનું લાવવું છે એ તો ધા ભેગો ઘસરકો; શેરડી [illegible] પીએ, ભેગી એરડી પણ પીએ. ભેગાં ભેગાં થોડાં ઘ[illegible] મારે માટે પણ ઘડાવી લઈશ.'

ખેડૂતનો દીકરો લાકડાની ઘોડી પર ચડી અંનાર[illegible] પાવલતો હતો. લાકડાની ઘોડી પર બેઠો બેઠો એ ચક[illegible] માટે જીવતી માણુકી ઘોડી લાવવાનો વિચાર કરી રહ્યો હત[illegible] આ ફાગણને મેળે તો માણુકી પર જ મશરૂનો સામા[illegible] નાખીને જવું છે!

સહુ પોતાના મન-સુખની દુનિયામાં ભૂલાં પડયાં છે. સામે ખળામાં બળદ પોરો ખાય છે. રોજ તો બળદને બરાબર નીરણ થતી. આજ પોતપોતાના આનંદમાં મગ્ન બનેલા સહુ બળદોને ચારો નીરવાનું ભૂલી ગયાં છે.

સુખ એવું છે. એ પોતાને પણ ભુલાવી દે છે! બળ[illegible] ખળાના ડૂંડાંને કદી નહોતા અડતા, પણ ભૂખ કોનું ના[illegible] આજ ભૂખ્યા બળદ ડૂંડાં ખાઈ રહ્યા છે. ખાવાનો નહિ પણ ઢોરની જાત ખરીને! જેટલું ખાય છે વધુ બગાડી રહ્યા છે.

અચાનક શંભલ ખેડૂતની નજર [illegible] અરે સોનાના કણ જેવા પાકને આ નગુરા બળ[illegible] ખાય છે એનાથી વધુ બગાડ કરે છે.

નહિ, ભૂખ્યાને અન્નદાન એ મોટો ધરમ માનશું.'

'પ્રજાજનો! સારાં કાર્યોની સૂચના પ્રકૃતિથી પહેલી મળી રહે છે. માટે નિર્દોષ જીવન, નિર્દોષ આહાર, દાન તરફ આગ્રહભરી રુચિ, લેવા કરતાં દેવામાં આત્મકલ્યાણની દૃષ્ટિ વગેરે સુકર્તવ્યો તરફ રુચિ રાખવી, ને પ્રભુએ પ્રવર્તાવેલ માર્ગે આત્મકલ્યાણ કરવું.' આ પ્રમાણે શ્રેયાંસકુમારના મુખેથી બધું જાણીને નગરજનો પોતપોતાના સ્થાને ગયાં.

શ્રેયાંસકુમારને પોતાનું જીવન આજે ધન્ય લાગતું હતું.

આમ પ્રભુના આ ઇક્ષુરસના પારણાનો મહિમા જગેજગ ગવાયો. એ ગાતાં ગાતાં હજારો જીવના કર્મના દળિયા હલકા થઈ ગયા. એ સુભગ દિવસને અનન્ત ને અક્ષય સુખ' આપનાર માનીને લોકોએ તે તિથિનું નામ અક્ષય તૃતીયા રાખ્યું.

રૂડું આ પર્વ છે. રૂડાં દાન આપો. ચડતે પરિણામે આપો, સુપાત્રે આપો.

રૂડાં શીલ પાળો, ચિત્ત ચોખ્ખું કરો.

રૂડી તપસ્યા કરો, વિકારોને પરહરો, રૂડી ભાવના ભાવો, ઐહિક સુખ નહીં પણ આત્મિક સુખ વાંછો.

[illegible] તિથિની ઉપાસના કરી અનેક જીવોએ [illegible] આજે પણ અનેક જીવો અક્ષય તૃતીયા- [illegible] આખ્યાન સાંભળી–જીવનને સાર્થક

ખેડૂત તો ફરી પોતાના કામમાં મશગૂલ બની ગયો. એને બળદોના નિસાસાની પડી નહોતી, પણ રાજા રિખભ તો પશુના આત્માને પણ પિછાણનાર હતા. એમણે નિસાસા સાંભળ્યા, સાંભળીને ગણ્યા–પૂરા ૩૬૫ !

એમણે ખેડૂતને બોલાવ્યો ને કહ્યું : 'બળદ ભૂખ્યા છે એનો વિચાર તો કર ! મોસરિયું બાંધ્યું એટલે બસ તારું કામ પત્યું ? અબોલની આંતરડી ન દુઃખવીશ. અબોલના આશીર્વાદ લેજે, તો તારા ખેતરમાં સોનું પાકશે.'

ખેડૂત પોતાની ભૂલ સમજ્યો. એણે બળદને દૂર લઈ જઈને બાંધ્યા ને મોસરિયું છોડી ઘાસ નીર્યું.

દયાળુ રાજા વિચાર કરવા લાગ્યા કે મેં બળદને માર ખાતા બચાવવાની દયાથી મોંબંધણું બનાવ્યું. પણ એ મોંબંધણું કોઈ કંજૂસ ખેડૂત બળદોને ભૂખ્યા મારવાના ઉપયોગમાં લે તો !

રાજા રિખભ વિચાર કરતા ચાલ્યા ગયા !

વાત પૂરી કરતાં શ્રેયાંસકુમારે કહ્યું.

'ભાઈઓ, મોટા મોટા મુનિઓને પણ કર્યાં કર્મ ભોગવવાં પડે છે. એમાંય ભૂખનું દુઃખ ભારે છે. પ્રભુએ આ બળદને અનાજ ખાતાં રોક્યા. એણે ૩૬૫ નિસાસા નાંખ્યા. એક એક નિસાસાએ એમને એક એક દિવસ ભૂખ્યા રાખ્યા ! અબોલની આંતરડી કકળાવવી ભારે પાપનું કામ છે !'

સહુ કહે, 'અજબ છે ભાઈ ભૂખનું દુઃખ ! આજથી અમે પણ ખવરાવીને ખાશું. કોઈના પેટ પર પાટુ મારી કોઈના પેટનો હક છીનવી લઈ અમારા પેટ પર પો...

નહિ, ભૂખ્યાને અન્નદાન એ મોટો ધરમ માનશું.'

'પ્રજાજનો! સારાં કાર્યોની સૂચના પ્રકૃતિથી પહેલી મળી રહે છે. માટે નિર્દોષ જીવન, નિર્દોષ આહાર, દાન તરફ સારસરી રુચિ, લેવા કરતાં દેવામાં આત્મકલ્યાણની દૃષ્ટિ વગેરે સુકર્તવ્યો તરફ રુચિ રાખવી, ને પ્રભુએ પ્રવર્તાવેલ માર્ગે આત્મકલ્યાણ કરવું.' આ પ્રમાણે શ્રેયાંસકુમારના મુખેથી બધું જાણીને નગરજનો પોતપોતાના સ્થાને ગયાં.

શ્રેયાંસકુમારને પોતાનું જીવન આજે ધન્ય લાગતું હતું.

આમ પ્રભુના આ ઇક્ષુરસના પારણાનો મહિમા જગે-જગ ગવાયો. એ ગાતાં ગાતાં હજારો જીવના કર્મના દળિયા હલકા થઈ ગયા. એ સુભગ દિવસને અનન્ત ને અક્ષય સુખ' આપનાર માનીને લોકોએ તે તિથિનું નામ અક્ષય તૃતીયા રાખ્યું.

રૂડું આ પર્વ છે. રૂડાં દાન આપો. ચડતે પરિણામે આપો, સુપાત્રે આપો.

રૂડાં શીલ પાળો, ચિત્ત ચોખ્ખું કરો.

રૂડી તપસ્યા કરો, વિકારોને પરહરો, રૂડી ભાવના ભાવો, ઐહિક સુખ નહીં પણ આત્મિક સુખ વાંછો.

પૂર્વ કાળે એ તિથિની ઉપાસના કરી અનેક જીવોએ પોતાનું કલ્યાણ કર્યું, આજે પણ અનેક જીવો અક્ષય તૃતીયાનું મહાતપ કરી–તેનું આખ્યાન સાંભળી–જીવનને સાર્થક કરે છે.

ઇક્ષુ તૃતીયા : અક્ષય તૃતીયા

[વૈશાખ સુદિ ત્રીજ]

ઋષભદેવ સંવત્સર તપ (વર્ષીતપ) વિધિ

હાલમાં આ તપ કરવાનો પ્રચાર આ પ્રમાણે છે :—

ગુજરાતી ફાગણ વદ ૮ ને દિવસે ઉપવાસથી શરૂ કરી, એકાંતરે પારણે બેસણું કરી, ૧૩ મહિના ને ૧૧ દિવસે એટલે અખાત્રીજ–અક્ષય તૃતીયાને દિવસે પારણું કરવામાં આવે છે.

પારણામાં ૧૦૮ ઘડા શેરડીના રસના અથવા સાકરના પાણીના પીએ છે. (ઘડો રૂપાનો નાનો બનાવે છે.)

આ તપમાં બે દિવસ ભેગા ખાવાના ન આવવા જોઈએ તેમજ ચૌદશને દિવસે ખાવાવાર ન આવવો જોઈએ. અને ત્રણ ચોમાસીના ચૌદશ–પૂનમના છઠ્ઠ કરવા જોઈએ, અને તપ દરમ્યાન આવતી અખાત્રીજના દિવસે ઉપવાસ કરવો જોઈએ અને છેવટે છઠ્ઠથી ઓછે તપે પારણુ ન કરવુ જોઈએ

દરેક તપ કરવામાં સામાન્ય વિધિ

સાત ક્ષેત્ર—સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, જિનભુવન, જિનબિંબ, પુસ્તકમાં યથાશક્તિ દ્રવ્ય વાપરવું.

બે વખત પ્રતિક્રમણ કરવાં.
આઠ દ્રવ્યથી પ્રભુ–પૂજા કરવી.
વિશેષ જાતીની પૂજા કરવી.
ગુરુવંદન કરવુ, વ્યાખ્યાન શ્રવણ કરવું.
ગુરુ પાસે પચખ્ખાણ રોજ લેવું અને વિધિપૂર્વક પારવું.

અનુકંપાદાન દેવું, ભૂમિશયન કરવું, બ્રહ્મચર્ય પાળવું, સચિત્ત વસ્તુનો ત્યાગ કરવો, ચૌદ નિયમ ધારવા.

શ્રાવકનાં બાર વ્રત ગ્રહણ કરવાં.

આરંભ-સમારંભનો ત્યાગ કરવો.

તપસ્યાનું ફળ ક્ષમા છે, એ ધ્યાનમાં રાખી હમેશાં સમતા કેળવવી.

વર્ષીતપનો વિશેષ વિધિ

'શ્રીઋષભદેવસ્વામિનાથાય નમઃ' જાપની નવકારવાળી ૨૦ રોજ ગણવી.

લોગસ્સ ૧૨ નો કાઉસગ્ગ કરવો.

ખમાસમણાં ૧૨ દેવાં.

સ્વસ્તિક ૧૨ કરવા.

અક્ષય તૃતીયાને દિવસે શેલડી રસનો રૂપાનો ઘટ ભરી દેવ આગળ ધરવો. દેવ-ગુરુની પૂજાપૂર્વક સંઘવાત્સલ્ય કરી પારણું કરવું.

વૈશાખ સુદ ત્રીજ-અક્ષયત્રીજના દિવસે **આદિનાથાય નમઃ** એ પદનો જાપ ૨૦૦૦ બે હજાર વાર કરવો.

શ્રીઋષભજિન સ્તવન

(સંગ્રાહક : તપસ્વી મુનિરાજશ્રી પ્રમોદવિજયજી)

શ્રી ઋષભજી વરસો ઉપવાસી, પૂરવની પ્રીતિ પ્રકાશી;
શ્રેયાંસ બોલે સાબાશી, બાપાજી વિનતિ અવધારો.
મારે મંદિરીએ પધારો બાપાજી. ૧

સેલડીરસ સૂઝતો વોહરો, નાથજી ન કરાવો નોહોરો;
દર્શન ફળ આપો દોરો, બાપાજી વિનતિ અવધારો. મારે૦ ૨

તવ પ્રભુજીએ માંડી પસલી, આહાર લેવાની ગતિ અસલી.
પ્રગટી તવ દુર્ગતી વસલી, બાપાજી વિનતિ અવધારો. મારે૦ ૩

અજવાળી ત્રીજ વૈશાખી, પંચ દિવ્ય થયે સુર સાખી;
એ તો દાન તણી ગતિ દાખી, બાપાજી વિનતિ અવધારો. મારે૦ ૪

યુગાદિ પર્વ એ જાણો, અખાત્રીજ નામે વખાણો;
સહુ કોઈ કરે ગરમાણો, બાપાજી વિનતિ અવધારો. મારે૦ ૫

સહસ વરસે કેવળ પાયો, એકલાખ પૂરવ અરથાયો;
પછે પરમ મહોદય પાયો, બાપાજી વિનતિ અવધારો. મારે૦ ૬

એમ ઉદય વદે ઉવજ્ઝાયા, પ્રણમું શ્રી ઋષભજીના પાયા;
જેણે આદિ ધર્મ બનાયા, બાપાજી વિનતિ અવધારો.
મારે મંદિરીએ પધારો બાપાજી. ૭

ઉપાધ્યાય શ્રી. યશોવિજયજીકૃત

અખાત્રીજ સ્તવન

પસારી કર લીજે ઈક્ષુ રસ ભગવાન;
ચઢત શિખા શ્રેયાંસ કુમરકી, માનું નિરમલ ધ્યાન. પસારી૦ ૧
મેં પુરુષોત્તમ કર કી ગંગા, તું તો ચરન નિદાન;
ઈતિ ગંગા અંબર તરજનકું, માનું ચલી અસમાન. પસારી૦ ૨
કીધો વિધુ બિંબ સુધાશું ચાહત, આપ મધુરતા માન;
કીધો દાયકકી પુણ્ય પરંપર, દાખત સરગ વિમાન. પસારી૦ ૩
પ્રભુ કરેં ઈક્ષુ રસ દેખી, કરત હૈ, ઐસી ઉપમા જ્ઞાન;
જસ કહે ચિત્ત વિત્ત પાત્ર મિલાવે, રંક ભવિકું જિનભાન. પસારી૦ ૪

મુનિ શ્રીકીર્તિવિજયજીકૃત

અખાત્રીજ સ્તવન

દેખો માઈ આજ ઋષભ ઘર આવે (ટેક).
રૂપ મનોહર જગદાનંદન; સબકી કે મન ભાવે. દેખો માઈ૦ ૧
કોઈ મુક્તાફળ થાળ વિશાળા; કોઈ મણિ માણિક ભાવે. દેખો માઈ૦ ૨
હયે ગય રથ પાયક બહુ કન્યા; પ્રભુજીકુ વેગે વધાવે. દેખો માઈ૦ ૩
શ્રી શ્રેયાંસ કુમાર દાનેશ્વર; ઈક્ષુરસ વહોરાવે. દેખો માઈ૦ ૪
ઉત્તમ દાન દીયે અમૃતફળ; સાધુ કીર્તિ ગુણ ગાવે. દેખો માઈ૦ ૫

શ્રી જયભિખ્ખુની સુંદર કૃતિઓ

નવલકથાઓ

વિક્રમાદિત્ય હેમુ	ભા. ૧	૫-૮
ભાગ્યનિર્માણ	ભા ૨	૪-૦
દિલ્હીશ્વર	ભા. ૩	૪-૮
પ્રેમભક્ત કવિ જયદેવ ...		૫-૦
ભગવાન ઋષભદેવ ...		૪-૮
ચક્રવર્તી ભરતદેવ (પૂર્વાર્ધ)		૬-૦
નરકેસરી વા નરકેશ્વરી ..		૫-૮
કામવિજેતા સ્થૂલિભદ્ર		૫-૪
મહર્ષિ મેતારજ .		૪-૮
મત્સ્ય ગલાગલ		૫-૪
બૂરો દેવળ ..		૩-૮

સાહસકથાઓ

જવાંમર્દ	૧-૪
આગેકદમ	૧-૪
હિંમતે મર્દા . .	૧-૮
ગઈ ગુજરી .. .	૧-૮

हिन्दी

वीरधर्मकी कहानियाँ (प्रस्तार डा. अग्रवाल)	२-०
वीर धर्मकी प्राणिकथायें	१-८

વાર્તાસંગ્રહો

પારસ ઘની લક્ષ્મી ..		૪-૦
કંચન ને કામિની ..		૩-૮
એંઠો બળવો		૨-૦
માદરે વતન		૩-૦
યાદવાસ્થળી		૩-૦
લાખેણી વાતો ..		૨-૦
નીતિકથાઓ	ભા. ૧ થી ૪	૮-૦
હિંદુ ધર્મની પ્રાણીકથાઓ		૧-૪
બૌદ્ધ ધર્મની પ્રાણીકથાઓ		૧-૪
જૈન ધર્મની પ્રાણીકથાઓ		૧-૪
વીરધર્મની વાતો	ભા ૧	૩-૦
ભ૦ મલ્લિનાથ	ભા. ૨	૨-૮
દેવદૂષ્ય	ભા. ૩	૨-૮
સિદ્ધપુરુષ	ભા ૪	૨-૮
મહાત્માઓની મરિક વાતો		૦-૮
ભારતના ભાગ્યવિધાતાઓ		૦-૯

ચરિત્ર

નિર્ગ્રંથ ભગવાન મહાવીર	૮-૦
ભગવાન મહાવીર	૩-૦
આસીમાણી ત્રિદાબાદ	

નાટકો

રસિયો વાલમ ને બીજાં નાટકો	૩-૮
ગીતગોવિંદનો ગાયક	૦-૧૦
પતિતપાવન	૦-૮

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય : ગાંધી રસ્તો : અમદાવાદ